**અરજદારની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા કલમ ૫૦૩ મુજબની અરજી અન્વચે આંક–૧ લગત હુકમ**

(૧) અરજદારની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિ. એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલ છે કે, તેઓ અરજીમાં જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ છે. અરજદારનાઓએ પોતાની અરજીમાં જણાવેલ કે સદરહુ બનાવમાં તેઓના બેન્ક ખાતાઓમાંથી **કુલ રૂપિયા ૧૯,૯૯૯/–** ઉપડી ગયેલ હતા અને તે બાબતે તેઓએ સાયબર પોર્ટલ ઉપર ફરીયાદ નોંધાવેલી હતી. અરજદારનાઓએ જણાવેલ કે સબબ સાયબર ક્રાઈમ પોલીસ દ્રારા સામાવાળાના બેન્ક ખાતાઓમાંથી **કુલ રૂપિયા ૧૩,૪૯૯/–** બી.એન.એસ.એસ.ની કલમ ૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા, જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે, તેઓને ખુબ જ મોટુ આર્થિક નુકસાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપીયાની જરૂર હોય, સદર નાણા તેઓના ખાતામાં પરત અપાવવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા કલમ ૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

(૩) અરજદારની અરજી સબબ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.શ્રીએ તેઓનો અભિપ્રાય રજુ કરેલ છે. સદરહુ અભિપ્રાયમાં પી.આઈ.શ્રીએ જણાવેલ છે કે, સાયબર ક્રાઈમનો ભોગ બનનારના નાણાં જયારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે, ત્યારે આવા નાણાંને તાત્કાલીક રોકવા તથા ગુના અટકાવવા

માટે ઈન્સ્ટેન્ટ રિન્સ્પોન્સ દવારા શંકાસ્પદ ખાતા ધારકનાઓને નોટીસ આપવામાં આવે છે અને નોટીસના આધારે શંકાસ્પદ રીતે મેળવેલ નાણાને ફ્રીઝ કરવામાં આવે છે.

વધુમાં, પી.આઈ.શ્રીએ પોતાના અભિપ્રાયમાં જણાવેલ કે હાલના અરજદારનાઓ સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ હતો જેમાં અરજદારના ઉપરોકત વિગતે રકમ ઉપડી ગયેલ હતી જે બાબતે તેઓએ સાયબર પોર્ટલ ઉપર ફરીયાદ નોંધાવેલી હતી. વધુમાં, પોલીસ અભિપ્રાયમાં જણાવવામાં આવેલ કે સામાવાળાના ઉપરોકત ખાતા શંકાસ્પદ હોવાનુ જણાય આવે છે તથા સદરહું ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી જેથી તે રૂપીયા અરજદારશ્રીને પાછા આપવા તેઓનો અભિપ્રાય થાય છે.

(૪) સદર કામે અરજી સાથે રજુ કરવામાં આવેલ બેંક પેપર્સની નકલ ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અમલદાર દ્રારા રજુ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતા તે હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદારના બેંક ખાતામાં થી રકમ ઉપડી ગયેલ હતી, જે બાબતે તેઓએ સાયબર પોર્ટલ ઉપર ફરીયાદ નોંધાવેલી હતી. આમ, સદર હકીકત ધ્યાને લેતા અરજદારના ઉપર જણાવ્યા મુજબના ખાતામાંથી નાણાં ઉપડી ગયેલ હોવાનું તથા શંકાસ્પદ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયાનું હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદુપરાંત, રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા હાલના કામે આજદિન સુધી કોઈ એફ.આઈ.આર. થયેલ હોય કે, હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી. વધુમાં, બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં, આજદિન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાંની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઈ અરજી કરેલ નથી. તદુપરાંત, તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને લેતા તેઓ સમક્ષ પણ

કોઈએ આ નાણાંની માંગણી કરેલ હોય તેમ જણાતું નથી. તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા સદર બેંક ખાતા શંકાસ્પદ હોવાનું જણાવેલું છે તથા સદરહું ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી. આમ, અત્રેની અદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાણાંનો કબજો મેળવવા હકકદાર હોવાનું જણાય છે.

આ તબકકે સદર નાણાં પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા હકુમત જોતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા કલમ ૫૦૩ માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા કલમ ૫૦૩ માં જણાવ્યા મુજબ જયારે કોઈપણ પોલીસ અધિકારી દ્વારા મિલકતની જપ્તીની જાણ મેજીસ્ટ્રેટને કરવામાં આવે અને તપાસ દરમ્યાન આવી મિલકત અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ ન હોય, ત્યારે મેજીસ્ટ્રેટને આવી મિલકતના નિકાલ અથવા તો કબજા બાબતે યોગ્ય લાગે તેવો હુકમ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

(૫) વળી, નામદાર ઉચ્ચતમ ન્યાયાલયના સુદરભાઈ અંબાલાલ દેશાઈ વિરુધ્ધ ગુજરાત રાજય[1]ના ચુકાદામાં માનનીય ઉચ્ચતમ ન્યાયાલયે આ ઠરાવ્યુ કે,

"We hope and trust that the concerned Magistrate would take immediate action for seeing that powers under Section 451 Cr.P.C. are **properly and promptly exercised and articles are not kept for a long time at the police station".**

1 **AIR 2003 SC 638**

વધુમાં, નોંધનીય છે કે સદરહુ રકમને બેન્કમાં ફ્રીઝ રાખ્યેથી કોઈ હેતુ સિધ્ધ થતો હોય તેવુ જણાય આવતુ નથી. આ સિવાય, સદરહુ રકમ બેન્ક ખાતામાંથી અન્ય બેન્ક ખાતામાં જમા થયેલ હોય તેથી સદરહુ રકમની ઓળખ અંગેની તકરાર પણ ઉપસ્થિત થાય તેમ પણ નથી. આ સિવાય, એ પણ નોંધપાત્ર છે કે હાલની અરજી પર હુકમ થયેથી મુદામાલની માલિકી સાબિત થઈ જતી નથી પરંતુ કોર્ટ દવારા સદરહુ મુદામાલ વચગાળાની રાહે આપવામાં આવતા હોય છે. આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા સદર નાણાં, ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**(એ)** અરજદારની અરજી આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા કલમ ૫૦૩ હેઠળ આથી મંજુર કરવામાં આવે છે.

**(બી)** અરજદારને સદર ગુનાના કામે સીઝર કરવામાં આવેલ રોકડ રકમ **રૂા. ૧૩,૪૯૯/-** પુરાના દોઢી રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધ ર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**(સી)** વધુમાં, હુકમ કરવામાં આવે છે કે, અરજદાર દ્રારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પોલીસ અધિકારી દ્રારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેંકને કરવી તેમજ સદર બેન્કોને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી દ્રારા અરજદારે હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તેમજ સધ્ધર

જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળેથી દિન–૧૦ માં તેમની બેન્કમાંના ખાતઓમા રકમ જમા છે, તે રકમ અરજદારના બેંન્ક ખાતામાં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટશેનને કરવી.

**શરતો :–**

(૧) અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે અરજદારે નાણાં અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણાં પર કલેઈમ કરે અને પોતાનો હકક/હિત પુરવાાર કરે અને તે સંદર્ભે ન્યાયી હુકમ પસાર થાય, તેવા સંજોગોમાં  અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

(૩) સદર મુદામાલ રકમનો કોઈ ગુનાહિત કામે ઉપયોગ કરવો/કરાવવો નહીં.

(૪) ઉપરોકત શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદદામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

હુકમ આજરોજ તારીખ : ૧૧ મી, માહે: જુલાઈ, ૨૦૨૬ ના વાંચી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૧–૦૭–૨૦૨૬<br>જુનાગઢ | **(કે.એ.મારવાહા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફ.ક. જજ, જુનાગઢ**<br>**જજ કોડ જી.જે. ૦૧૫૫૮** |